ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



**પાદરા નગરપાલિકાની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઇ રાજકીય માહોલ જામ્યો**

## ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાના ચોથા દિવસે એક અપક્ષ મહિલાએ ઉમેદવારી પત્ર ભર્યું

**ચૂંટણી માટે જાહેરનામા મુજબ 11 એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો સ્વીકારવાની પ્રક્રિયા ચાલુ રહેશે**

(પ્રતિનિધિ) પાદરા, તા.9
પાદરા નગરપાલિકાની આગામી તા. 26 એપ્રિલે યોજાનારી ચૂંટણીને લઈ રાજકીય માહોલ દિવસેને દિવસે ગરમ બનતો જઈ રહ્યો છે. ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાના ચોથા દિવસે આજે એક અપક્ષ મહિલા ઉમેદવારે વોર્ડ નંબર-1 માં ઉમેદવારી પત્ર ભરી ચૂંટણી પ્રક્રિયાના શ્રી ગણેશ કર્યા હતા. પાદરા નગર પાલિકા ચુંટણી અધિકારી એશ્વર્યા દુબે મદદનીશ કલેકટર પ્રાંત અધિકારી એ જણાવ્યું હતું કે આજે વધુ 19 ઉમેદવારી પત્રોના કોરા ફોર્મનો ઉપાડ નોંધાયો હતો. અત્યાર સુધીના ચાર દિવસમાં કુલ 211 ઉમેદવારી પત્રોના કોરા ફોર્મ ઉપાડવામાં આવ્યા હોવાને કારણે ચૂંટણીને લઈ ભારે ઉત્સાહ અને રાજકીય ચહલપહલ સ્પષ્ટ જોવા મળી રહી છે. સ્થાનિક સ્વરાજની આ મહત્વપૂર્ણ ચૂંટણી માટે જાહેરનામા મુજબ 11 એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો સ્વીકારવાની પ્રક્રિયા ચાલુ રહેશે. જેને લઈ ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોમાં ટિકિટ મેળવવા ઈચ્છુક દાવેદારોમાં ભારે આતુરતા જોવા મળી રહી છે. ખાસ કરીને ભાજપમાં ટિકિટ માટે ભારે સ્પર્ધા ઊભી થઇ છે. પ્રાપ્ત વિગતો મુજબ 28 બેઠકો માટે ભાજપમાં અંદાજે 91 જેટલા દાવેદારોએ ઈચ્છા વ્યક્ત કરી હતી, જેના કારણે ટિકિટ ફાળવણી પ્રક્રિયા વધુ જટિલ બની છે.

આ પરિસ્થિતિમાં પક્ષના સંગઠન તેમજ સ્થાનિક ધારાસભ્ય માટે પણ પડકારજનક સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ કોંગ્રેસ અને અપક્ષ માં પણ ઉમેદવારી માટે દાવેદારી નોંધાવનારા કાર્યકરો સક્રિય બન્યા છે. બંને મુખ્ય પક્ષો દ્વારા મેન્ડેટ જાહેર થયા બાદ શુક્રવાર અને શનિવારે મોટા પ્રમાણમાં ઉમેદવારી પત્રો ભરાશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પાદરા નગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે અપક્ષ ઉમેદવારોની સંખ્યા પણ નોંધપાત્ર રહે તેવી શક્યતા છે, કારણ કે ટિકિટ વિતરણમાં અસંતોષ ધરાવતા દાવેદારો અપક્ષ તરીકે મેદાનમાં ઉતરશે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. આ સમગ્ર પરિસ્થિતિ વચ્ચે ભાજપમાં આંતરિક જૂથવાદ વધે તેવી શક્યતાઓ પણ નકારી શકાય તેમ નથી. ચૂંટણી નજીક આવતાં રાજકીય ગરમી વધુ તેજ બનશે અને આગામી દિવસોમાં ઉમેદવારી પ્રક્રિયા વધુ ગતિ પકડશે તે નિશ્ચિત માનવામાં આવે છે.

### જાહેર થયેલી ઉમેદવારોની યાદી

| વોર્ડ નં. | સીટ ક્રમાંક | ઉમેદવારનું નામ |
|---|---|---|
| 1 | 1 | શ્રી સેજલબેન ભરતભાઇ રબારી |
| | 2 | શ્રી નિકીતાબેન હસમુખભાઇ પટેલ |
| | 3 | શ્રી અનિલભાઇ જગદિશભાઇ પરમાર |
| | 4 | શ્રી ગૌરાંગકુમાર અંબાલાલ સોની |
| 2 | 1 | શ્રી મોનાબેન જીજ્ઞેશભાઇ પટેલ |
| | 2 | શ્રી ગાયત્રીબેન મહેન્દ્રભાઈ ગાંધી |
| | 3 | શ્રી રાકેશભાઇ રાજુભાઇ રાણા |
| | 4 | શ્રી દિલીપસિંહ દલપતસિંહ રાજપુત |
| 3 | 1 | શ્રી પારૂલબેન જયેશભાઇ દરજી |
| | 2 | શ્રી જીજ્ઞાશાબેન હરેશકુમાર પટેલ |
| | 3 | શ્રી વિજયકુમાર રમેશચંદ્ર ગોહેલ |
| | 4 | શ્રી નયનકુમાર મહેશભાઇ ભાવસાર |
| 4 | 1 | શ્રી હિનાબેન હર્ષદભાઇ અધ્યારૂ |
| | 2 | શ્રી દિપાલીબેન ભાવેશકુમાર પટેલ |
| | 3 | શ્રી દિપેશકુમાર પંચાલ |
| | 4 | શ્રી મહેશભાઇ મેલાભાઇ રાજપુત |
| 5 | 1 | શ્રી રીપલબેન દક્ષેશકુમાર પટેલ |
| | 2 | શ્રી રોમાબેન જૈમિનભાઇ ભટ્ટ |
| | 3 | શ્રી ધવલકુમાર શૈલેષભાઇ પારેખ |
| | 4 | શ્રી બ્રિજેશકુમાર રમેશભાઇ પટેલ |
| 6 | 1 | શ્રી સુમિતાબેન લાલજીભાઇ પરમાર |
| | 2 | શ્રી નીશાબેન પરેશભાઇ ગાંધી |
| | 3 | શ્રી પ્રતિકકુમાર હસમુખભાઇ પટેલ |
| | 4 | શ્રી સંકેતકુમાર દેવેન્દ્રભાઇ પટેલ |
| 7 | 1 | શ્રી નીતાબેન ચેતનભાઇ રાણા |
| | 2 | શ્રી ઇલાબેન જયપ્રકાશભાઇ જોષી |
| | 3 | શ્રી તેજશભાઇ હરેશભાઇ ગોહીલ |
| | 4 | શ્રી નેરશભાઇ ગ્યારાસીલાલ અગ્રવાલ |

**ઉમેદવારોમાં પણ મજબૂત પક્ષે ઉમેદવારી કરવા હોડ લાગી**

## ડભોઈ પાલિકાની ચૂંટણીમાં 36 બેઠકો માટે 192 ઉમેદવારી ફોર્મનો ઉપાડ

**આવનારા સમય માં રાજકીય પક્ષો ના મેન્ડેડ જાહેર થયા બાદ અને ફોર્મ ચકાસણી અને ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે.**

(પ્રતિનિધિ) ડભોઇ, તા.9
ડભોઇ નગર પાલિકા ની સામાન્ય ચૂંટણી 26 મી એપ્રિલ ના રોજ યોજાવાની છે ત્યારે પાલિકા ની 36 બેઠકો પર ઉમેદવારી કરવા 192 ઉમેદવારી ફોર્મ નો ઉપાડ થઈ ગયો છે. ભાજપ, કોંગ્રેસ, આપ, એમ.આઈ.એમ .સહિત અપક્ષ ઉમેદવારી કરવા ઈચ્છતા ઉમેદવારો નો રાફડો ફાટયો છે. ત્યારે આવનારા સમય માં રાજકીય પક્ષો ના મેન્ડેડ જાહેર થયા બાદ અને ફોર્મ ચકાસણી અને ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે. ગુજરાત રાજ્ય ની નગર પાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતો ની મુદત પૂર્ણ થયેલ હોય તેવી સ્થાનિક સ્વરાજ્ય ની સંસ્થાઓ ની આગામી તા - 26/04/2026 ના રોજ ચૂંટણી જાહેર થયેલ છે.જેની ઉમેદવારી ફોર્મ ભરવાની તારીખ 11 મી એપ્રિલ છે. જ્યારે ફોર્મ ચકાસણી તારીખ 13 એપ્રિલ છે. જ્યારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની તારીખ 15 મી એપ્રિલ જાહેર થયેલ છે. ત્યારે ડભોઇ નગર પાલિકામાં નવા વોર્ડની રચના છતાં ઉમેદવારોમાં ઉત્સુકતા દેખાઈ રહી છે. પાલિકા વિસ્તાર માં ટીંબી, તરસાના, વેગા અને કજાપુર જેવા ગામો ના સમાવેશ થયેલ હોય આ ચાર ગામ ના ઉમેદવારોએ પણ ઝંપલાવ્યું છે. ત્યારે પાલિકા નું સીમાંકન વિસ્તાર વધવા સાથે બેઠકો માં વધારો થયેલ નથી.36 બેઠકો માટે હાલ સુધી 192 ઉમેદવારો એ ઉમેદવારી ફોર્મ નો ઉપાડ કરી લીધો છે.જેથી ડભોઇ નગર માં પાલિકાની ચૂંટણી એ ગરમાવો લાવી દીધો છે. એટલું જ નહીં જાતિગત સમીકરણો, કોંગ્રેસનું નબળું સંગઠન અને ભાજપ ના વિકાસ કાર્યો, સંગઠન શક્તિને લઈ ઉમેદવારોમાં પણ મજબૂત પક્ષે ઉમેદવારી કરવા હોડ લાગી છે.આમ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ લડવા માટે અને પોતાના ઉમેદવારોને જીતાડવા માટે તમામ પક્ષો અત્યારથી જોરશોરમાં આવી ગયા છે જે ચૂટણી યોજાયા બાદ પરિણામો પછી કોને બાજી મારી તે જાહરે થશે.

### જાહેર થયેલી ઉમેદવારોની યાદી

| વોર્ડ નં. | સીટ ક્રમાંક | ઉમેદવારનું નામ |
|---|---|---|
| 1 | 1 | શ્રી હર્ષાબેન હેમંતકુમાર ચૌહાણ |
| | 2 | શ્રી વાસુબેન વિશાલકુમાર પટેલ |
| | 3 | શ્રી રાજુભાઇ જીવનભાઇ ઠાકોર |
| | 4 | શ્રી કપિલ હિતેન્દ્રભાઇ પટેલ |
| 2 | 1 | શ્રી ઋષિકાબેન વિકાસકુમાર ઠાકોર |
| | 2 | શ્રી દિપીકા જશભાઇ પંચાલ |
| | 3 | શ્રી બિરેનકુમાર શાંતિલાલ શાહ |
| | 4 | શ્રી આરીફનવાઝ હનીફ મહમદ મકરાની |
| 3 | 1 | શ્રી જાગૃતિબેન કમોદભાઇ સોલંકી |
| | 2 | શ્રી વૈશાલીબેન હેમતભાઇ પટેલ |
| | 3 | શ્રી રાજેશભાઇ જગભાઇ રાઠવા |
| | 4 | શ્રી હિતેશભાઇ રાયસીંગભાઇ પાનવાડીયા |
| 4 | 1 | શ્રી ફીરોબનુ તોસિકભાઇ મન્સુરી |
| | 2 | શ્રી મુનિરાબનુ મહમદસઇદ લફાવાળા |
| | 3 | શ્રી કિશોરભાઇ રમણભાઇ તડવી |
| | 4 | શ્રી મહેકુજહુસેન યુસુફભાઇ લાફાવાલા |
| 5 | ૧ | શ્રી સાબિસ્તાનાઝ હાજીપરમહમદ દુરવાલા |
| | 2 | શ્રી મુમ્તાઝબનું મહદી હોટેલવાલા |
| | 3 | શ્રી પીન્ટુભાઇ ભગવાનદાસ તડવી |
| | 4 | શ્રી રીયાજ હુસેન ઇસ્માઇલ હુસેન સૈયદ |
| 6 | 1 | શ્રી રાજેશ્રીબેન રમેશભાઈ મોચી |
| | 2 | શ્રી કેયુરીબેન અશોકભાઇ પ્રજાપતિ |
| | 3 | શ્રી મેહુલભાઇ હસમુખભાઇ જૈન |
| | 4 | શ્રી દાનીયલ મહેદી જાહીદઆબીબી સૈયદ |
| 7 | 1 | શ્રી સીતાબેન ભરતભાઇ વસાવા |
| | 2 | શ્રી તેજલબેન દક્ષેશભાઈ સોની |
| | 3 | શ્રી વિરેશકુમાર નવીનચંદ્ર દરજી |
| | 4 | શ્રી વિશાલભાઇ વ્રજેશભાઇ શાહ |
| 9 | 1 | શ્રી અનોસોયાબેન કીરીટભાઇ વસાવા |
| | 2 | શ્રી દિપ્તીબેન બંકીમભાઇ પુરોહીત |
| | 3 | શ્રી હેમંતકુમાર મનસુખ પરમાર |
| | 4 | શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ રબારી |

## વાઘોડિયા નગરપાલિકા ચૂંટણી : ભાજપે 6 વોર્ડના 24 ઉમેદવારો જાહેર કર્યા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.9
વાઘોડિયા નગરપાલિકા ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો વધ્યો છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા 6 વોર્ડ માટે કુલ 24 ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે.પક્ષ દ્વારા સ્થાનિક સ્તરે મજબૂત સંગઠન અને જીતની સંભાવનાને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જાહેર કરાયેલ યાદી મુજબ દરેક વોર્ડમાં 4 ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ નંબર 1થી 6 સુધીના તમામ વિસ્તારોમાં પક્ષે નવા અને અનુભવી ચહેરાઓને સ્થાન આપ્યું છે.

### જાહેર થયેલી ઉમેદવારોની યાદી

| વોર્ડ નં. | સીટ ક્રમાંક | ઉમેદવારનું નામ |
|---|---|---|
| 1 | 1 | શ્રી કપિલભાઈ સેમસાલાલ વસાવા |
| | 2 | શ્રી કોમલભાઈ બાલવંતકુમાર પટેલ |
| | 3 | શ્રી સંજય ફતેલીસ નારિયા |
| | 4 | શ્રી હરીશચંદ્ર પ્રવીણભાઈ પટેલ |
| 2 | 1 | લલિતભાઈ વાસણાભાઈ ધારી |
| | 2 | સલમાનભાઈ ફઝલુદ્દીન દિવાન |
| | 3 | કમલેશભાઈ કાંતિભાઈ રોહિત |
| | 4 | સાહિદહુસેન દિલાવરસિંહ સૈયદ |
| 3 | 1 | સુરેશભાઈ સંજયભાઈ ભોઈ |
| | 2 | ભાવનભાઈ મહેન્દ્રસિંહ જાધવ |
| | 3 | જીતેન્દ્રકુમાર દિનેશભાઈ વસાવા |
| | 4 | સંદીપકુમાર નરેન્દ્રસિંહ ડોડિયા |
| 4 | 1 | પલ્લવભાઈ મુકેશકુમાર રાઠોડ |
| | 2 | મનોજભાઈ રાજેન્દ્રસિંહ પરમાર |
| | 3 | બ્રજકિશોર હરિયાણ ગોસ્વામી |
| | 4 | નીતેશકુમાર સુરેશભાઈ પટેલ |
| 5 | 1 | લલિતભાઈ અરવિંદભાઈ વસાવા |
| | 2 | વેજાભાઈ મહારાજસિંહ રાઠોડ |
| | 3 | પ્રિયવત્સલ રાહુલભાઈ પંડ્યા |
| | 4 | ફુરકાન બિનઅજમ મેમણ |
| 6 | 1 | લક્ષ્મણભાઈ નગીનભાઈ ધાડક |
| | 2 | લીલાભાઈ નવઘણભાઈ ભરવાડ |
| | 3 | જયમનભાઈ રણછોડભાઈ વસાવા |
| | 4 | ગજેન્દ્ર અમલાભાઈ દેવડા |

## કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષે ગુજરાતીઓ વિશે અભદ્ર ટિપ્પણી કરાતા દાહોદ ભાજપ દ્વારા વિરોધ



(પ્રતિનિધિ) દાહોદ, તા.9
દાહોદ મા ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસ પાર્ટી ના રાષ્ટ્રીય અધ્યક્ષે કરેલ એક જાહેર સભા મા ગુજરાતી ઓ વિશે અભદ્ર ટિપ્પણી કરી ગુજરાતી ઓ ને અભણ ગણાવ્યા હતા. તેમના આ નિવેદન વિરુદ્ધ ભાજપના સૌ કાર્યકર્તા ઓ એ દાહોદ ના નગરપાલિકા ચોક ઉપર સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. ગુજરાતી ઓ ને અપમાનિત કરવા ના આરોપ સાથે પ્રદર્શન કરવા માં આવ્યુ જેમાં દાહોદ જીલ્લા મહામંત્રી અભિષેક ભાઈ મેડા, જીલ્લા પંચાયત પ્રમુખ કરણ સિંહ ડામોર , નગરપાલિકા ઉપપ્રમુખ શ્રદ્ધા ભડંગ,દાહોદ મહિલા મોરચા ની સૌ બહેનો અને ભારતીય જનતા પાર્ટી ના સૌ કાર્યકર્તા મિત્રો એ આ પ્રદર્શન માં ભાગ લઈ વિરોધ કર્યો હતો.

**મંજુસર પંથકમાં આવેલ અલીન્દ્રા ગામે જિલ્લા એલસીબીનો દરોડો**

## પાના-પત્તાનો જુગાર રમતા 3 ઈસમોને રૂ.1.17 લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા

(પ્રતિનિધિ) સાવલી, તા.9
સાવલી તાલુકા ના મંજુસર પંથકમાં આવેલ અલીન્દ્રા ગામે જિલ્લા એલસીબી ની ટીમે બાતમી ના આધારે દરોડો પાડીને જુગાર રમતા ૩ જુગારિયા ઓ ને 117510 રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી ને જેલ ભેગા કર્યા છે

ગત રાત્રિના સમયે જિલ્લા એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળેલ કે અલીન્દ્રા ગામની તળાવ નજીક ગૌચર જમીન પર આવેલા લીમડાના ઝાડ નીચે કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે અને પાનાપત્તા નો હારજીત નો જુગાર રમી રહ્યા છે બાતમીના આધારે એલ સી બી ની ટીમે દરોડો પાડતા પોલીસને સ્થળ પરથી ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. પોલીસે




તેમની પાસેથી રોકડ રૂપિયા ૨૨,૫૧૦ જપ્ત કર્યા હતા.

ઉપરાંત, ત્રણ મોબાઈલ ફોન અને બે વાહનો સહિત કુલ રૂપિયા ૧,૧૭,૫૧૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

પકડાયેલા ત્રણેય આરોપીઓ 1 અક્ષય રમણભાઈ વસાવા રહે મણિનગર સમલાયા તા સાવલી 2 જીતેન્દ્ર અશોકભાઈ ભાલિયા રહે ધનોરા મોટું ફળિયું તા સાવલી 3 નરેશ નગીનભાઈ રાઠોડિયા રહે નાનીભાડોલ તા સાવલી વિરુદ્ધ જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ એ મંજુસર પોલીસ ને હવાલે કર્યા છે પોલીસના આ દરોડા થી જુગારીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે

## બોડેલી ઓરસંગ બ્રિજ તથા મેરિયા બ્રિજ રિપેરિંગ કરવા માટેની કામગીરી શરૂ કરાઇ

(પ્રતિનિધિ) બોડેલી, તા.9
છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી ખાતે મેરીયા બ્રિજ તથા ઓરસંગ બ્રિજ ના રીપેરીંગની કામગીરી શરૂ કરવામાં આવેલ છે બંને બ્રિજ રીપેરીંગની કામગીરી શરૂ કરાઈ છે, વડોદરા નજીક ગંભીરા બ્રિજ તૂટ્યા બાદ ભારદારી વાહનો માટે આ બ્રિજ છેલ્લા આઠ મહિનાથી બંધ કરવામાં આવ્યા જેને કારણ લોકો ને ભારે મુશ્કેલી નોં સામનો કરવાનો વારો આવ્યો છે આ કામગીરી ૬ મહિના ની સમય મર્યાદા આપવામાં આવી છે ગાંધીનગર ની સંરચના એજન્સી ને આ કામગીરી સોંપવામાં આવી છે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી પાસે ઓરસંગ નદી ઉપર 300 મીટર લાંબો બ્રિજ જર્જરિત અવસ્થા માં થતા 8 માસ થી ભારદારી વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યું હતું. નસવાડી



થી બોડેલી તરફ જતા ભારદારી વાહનો મુશ્કેલી માં મુકાયા હતા જેને લઈને બોડેલી ના વેપાર ધંધા ને પણ નુકશાન થઈ રહ્યું છે જ્યારે ખાનગી ડાયવર્ઝન ઉપર 500 રૂપિયા ટોલ ચૂકવી ને વાહન ચાલકો ચાલવા મજબૂર છે હાલ તો આ બ્રિજ રિપેરિંગ કરવા માટે કામગીરી શરૂ કરવામાં આવી છે અને બ્રિજ ઉપર કોક્રેટ માં બોરિંગ કરીને કાણા પાડવામાં આવી રહ્યા છે અને ત્યાં દોરડા છરકાવી નીચે ટેકા ઊભા કરીને કામગીરી રિપેરિંગ ની કરવામાં આવી રહી છે

**દર ચોમાસમાં આ કોઝ-વે પર પાણી ફરી વળતા ગામલોકો સંપર્ક વિહોણા બની જાય છે**

## નસવાડી તાલુકાના વદેશિયા ગામમાં પ્રવેશવાના અને માર્ગ ઉપર લો-લેવલ કોઝવે જર્જરિત અવસ્થામાં

(પ્રતિનિધિ) નસવાડી, તા.9
નસવાડી તાલુકાના વદેશિયા ગામમાં પ્રવેશવાના અને માર્ગ ઉપર અને ગામના છેડા ઉપર આવેલા કોતર ઉપર બન્ને જગ્યાએ બે લો લેવલ ના કોઝ વે મુખ્ય માર્ગો ઉપર આવેલા હોવાથી ચોમાસા ના ચાર મહિના વદેશિયા ગામના ગ્રામજનો ને કોઝ વે ઉપર થી પાણી જતા હોય ત્યારે પસાર થવામાં મુશ્કેલી પડે છે અમુક વાર વધારે પાણી આવી જાય તો રસ્તો પણ બંધ થઈ જાય છે વર્ષો થી પુલ ની માંગણી ગ્રામજનો કરતા જોવા છતાંય માંગણી સંતોષાતી નથી લો લેવલ ના કોઝ વે જર્જરિત અવસ્થા માં થઈ ગયા છે 30 30 વર્ષ જુના કોઝ વે ઉપર પુલ બનાવવામાં આવતા નથી નસવાડી તાલુકા ના



વદેશિયા ગામમાં 800 જેટલા લોકો ની વસ્તી આવેલીં છે જ્યારે વદેશિયા ગામના લોકો ને તણખલા જવું હોય તો કોતર ઉપર આવેલ લો લેવલ ના કોઝ વે ઉપર થી પસાર થવું પડે છે જ્યારે નસવાડી ખાતે જવું હોય તો પણ લો લેવલ ના કોઝ વે ઉપર થી પસાર થવું પડે છે આ રસ્તો છોટાઉદેપુર જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગ ની માલિકી નો છે જ્યારે ચોમાસા માં બાળકો અભ્યાસ માટે તણખલા અને નસવાડી ખાતે જાય છે જ્યારે તણખલા અને નસવાડી ખાતે જીવન જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા માટે પણ લોકો જાય છે અને ભારે વરસાદ પડે તો આ કોતરો ઉપર આવેલ લો લેવલ ના કોઝ વે ઉપર પાણી ઓવર ટેપિંગ થઈ ને વહે છે અમુક વાર જીવ ના જોખમે કોઝ વે ઉપર થી વાહન ચાલકો અને વિધાર્થીઓને ચોમાસા માં પસાર થવું પડે છે ગ્રામજનો એ કોઝ વે ઉપર પુલ બનાવવા માટે અનેક વખત રજૂઆત કરી છે નેતાઓ ચૂંટણીઓમાં આવે ત્યારે વચન આપી ને જતા રહે કે પુલ બની જશે પરંતુ ચૂંટણી પૂરી થઈ ગયા પછી પાછું વળીને કોઈ જોતું પણ નથી ત્યારે ગ્રામજનો ને છેતરાયા હોવાનો અહેસાસ થાય છે જ્યારે અનેક વખત રજૂઆત કરી કરી ને થાકેલા લોકો આ વખતે ચૂંટણી પ્રચાર માં આવનાર નેતાઓને પુલ ક્યારે બનાવી આપશે તેના સવાલો કરવા માટે ઉમેદવારો ની રાહ જોઈને બેઠા છે.

### જાહેર નોટીસ



આથી જાહેર જનતાને જણાવવાનુ કે, અમારા અસીલ નામે પટેલ સુરેશભાઈ વિઠ્ઠલભાઈ, મુ.શનાપુરા, તા.કરજણ, જી.વડોદરા નાઓની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે બાજુમાં બતાવેલ ફોટાવાળા વ્યકિત નામે "પટેલ જાનવીબેન સુરેશભાઈ" ઉ.વ.આ.૨૭, નાઓ અમારા અસીલની પુત્રી થાય છે. હાલમાં અમારા અસીલના કહ્યામાં રહેલ ન હોય અને પોતાની રીતે મનસ્વી રીતે જીવન વિતાવતા હોય અને અમારા અસીલ સાથે પણ રહેતા ન હોય અને તેઓના પતિ સાથે ઘણા સમયથી રહે છે. જેથી જાહેર જનતાને તથા લાગતી વળગતી કચેરીઓને સુચિત કરવાના કે, અમારા અસીલની પુત્રી "પટેલ જાનવીબેન સુરેશભાઈ" નાઓના કોઈપણ કૃત્યમાં અમારા અસીલનો કોઈપણ રીતે જવાબદાર ઠરાવવામા આવશે નહી અને તેના પરીણામ માટે પણ અમારા અસીલ જવાબદાર રહેશે નહી, અમારા અસીલ પ્રતિષ્ઠિત વ્યકિત છે અને "પટેલ જાનવીબેન સુરેશભાઈ" નાઓના આવા વર્તનના કારણે અમારા અસીલની પ્રતિષ્ઠાને નુકશાન થયેલ છે અને અમારા અસીલે તેઓની સાથેના સંબંધનો અંત આણેલ છે. તેમજ અમારા અસીલની સ્થાવર જંગમ મિલ્કતો માથી બેદખલ કરેલ છે અને હવેથી તેનો અમારા અસીલ કે અમારા અસીલની મિલકતોમાં કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો રહેતો નથી. જેથી તેની સાથે કોઈએ પણ કોઈપણ જાતનો નાણાંકીય વ્યવહાર કરવો કે અન્ય કોઈ કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા નહી અને કરશે તો તેમા અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી જેની જાહેર જનતાએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

તા.03-૧૨-૨૦૨૫
કરજણ

અમારા અસીલની સુચના અને ફરમાઇશથી
(તરૂણ આર.પાટણવાડીયા) એડવોકેટ